# ગાંધીનગરમાં ગરમીનો પારો પુનઃ ઉંચકાયો

## બે દિવસની ઠંડક બાદ ગરમી વધતા રહિશો ત્રાહિમામ, માર્ગો સુમસામ


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૪

બે દિવસ પહેલા થયેલા વરસાદની ઠંડક બાદ આજે તાપમાનનો પારો ઉંચકાતા ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. આજે દિવસભર ગરમીનું પ્રમાણ મહત્તમ ૪૦.૨ ડિ.સે. રહેતા શહેરીજનો કાળઝાળ ગરમી અને તાપથી ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને બપોરે ૧૨ થી ૫ કલાક દરમિયાન ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. ભવિષ્યના દિવસોમાં હજુ પણ તાપમાનનો પારો ઉપર જવાની શક્યતાઓ છે ત્યારે રહિશો ગમે તે પ્રકારે આ ગરમીથી બચવા પ્રયત્નો કરી રહ્યા છે.

પાટનગર ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક મોટા વિસ્તારોમાં બે દિવસ અગાઉ અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા તોફાની પવનો સાથે જોરદાર કરા સાથે વરસાદ ખાબક્યો હતો. જેને લઈ રાજ્યભરમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. વાદળછાયા વાતાવરણમાં લોકોને ગરમીથી રાહત મળી હતી પરંતુ દરિયાઈ પવનો બંધ થતાની સાથે હીટવેવ ચાલુ થઈ ગયો છે. જેને લઈ ગાંધીનગર શહેરમાં મહત્તમ તાપમાન ૪૦.૨ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડીગ્રી જેટલો નોંધાયો છે. પરિણામે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટ્યું છે. સવારે ભેજનું પ્રમાણ ૩૮ ટકા અને સાંજે ૧૮ ટકા નોંધાયું છે. આજે સવારથી જ સૂર્યનારાયણે તપવાની શરૂઆત કરતા જ સ્થાનિકોએ ઘર, ઓફિસ, કચેરીની અંદર રહેવાનું પસંદ કર્યું હતું. તો બીજી તરફ શહેરના માર્ગો બપોર થતાની સાથે સુમસામ બની જતા કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં સૂર્યદેવ વધુ તાપ વરસાવશે તેવું જણાઈ રહ્યું છે.

# ગાંધીનગરમાં પોલીસ જવાનોનું ૬૦ ટકા મતદાન

## પોસ્ટલ બેલેટ મતદાનમાં પ્રથમ દિવસે ભારે ઉત્સાહથી મતદાન થયું : પોલીસ, હોમગાર્ડ, એસ.આર.પી. અને ગ્રામ રક્ષક દળના જવાનોએ મતદાન કર્યું : બે દિવસ મતદાન કાર્યક્રમ



ગાંધીનગર,તા.૨૪

લોકસભા ચુંટણી ૨૦૧૪ અંતર્ગત સુરક્ષા વ્યવસ્થા માં તૈનાત રહેનાર ગાંધીનગરના પોલીસ જવાનો તથા એસ.આર.પી સહીત હોમગાર્ડના જવાનો માટે બે દિવસીય મતદાન કાર્યક્રમનું આયોજન થયું છે.આજે -થમ દિવસે પોસ્ટલ બેલેટ પર મતદાન દરમ્યાન પોલીસ માં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.-થમ દિવસે જ ગાંધીનગરમાં પોલીસ સહિતના જવાનો એ કરેલું મતદાન ૬૦ ટકા એ પહોંચી ગયું છે.૬૦ ટકા થયેલા મતદાનમાં ગાંધીનગર ડી.એસ.પી ના એક મત નો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં બે સ્થળો પર પોસ્ટલ બેલેટ થી મતદાન ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.બે દિવસ મતદાન -ક્રિયા ચાલશે.ગાંધીનગર ડી.એસ.પી કચેરી ખાતે પોલીસ જવાનો અને એસ.આર.પી જવાનો માટે તથા સેક્ટર ૧૪ દિન દયાળ ઈન્સ્ટીટયુટ ખાતે હોમગાર્ડ અને જી.આર..ડી (ગ્રામ રક્ષક દળ )માટે મતદાન ની વ્યવસ્થા કરવામાં આવી છે.સે.૧૪ ના મતદાન સ્થળ પર ડી.વાય.એસ.પી યાદવ ને અને ડી.એસ,પી કચેરી ખાતે મતદાન સ્થળ પર હેડ ક્વાર્ટર ડી.વાય.એસ.પી જેઠવા ને સુપરવિઝન સોંપવામાં આવ્યું છે.આજે મતદાન ના -થમ દિવસે જવાનો માં ભારે ઉત્સાહ દેખવા મળ્યો હતો.સવારે બંને મતદાન સ્થળો પર ભારે ધસારો જોવા મળ્યો હતો.સવારે ૯ થી સાંજે ૬ વાગ્યા સુધીના કાર્યક્રમમાં ૬૦ ટકા મતદાન -થમ દિવસે જ થઈ જવા પામ્યું હતું.ગાંધીનગરના ૧૦૫૯ હોમગાર્ડ પૈકી ૯૩૯ એ તથા ૯૦૦ ગ્રામ રક્ષક દળના ૯૦૦ જવાનો પૈકી ૪૦૦ એ આજે મતદાન કર્યુ હતું.તે ઉપરાંત ૧૬૦૮ પોલીસ માંથી ૮૪૭ જવાનો એ અને ૭૬૦ માંથી ૪૦૦ એસ.આર.પી જવાનો એ ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતું.જેમાં સી.આઈ.ડી. ક્રાઈમના ૭૦ જવાનો નો પણ સમાવેશ થાય છે.તમામ જવાનો મળીને ૪૩૨૭ પૈકી ૨૫૮૬ એ એટલે કે ૫૯.૭૬ ટકા જવાનો એ આજે -થમ દિવસે મતદાન કરી પોતાનો મત આપ્યો હતો.જેમાં ગાંધીનગર પોલીસ વડા શરદ સિંઘલ નો પણ સમાવેશ થાય છે.

# સે. ૨૯-૩૦માં ભાજપનો જનસંપર્ક

## સેકટરના રહીશો અને વેપારીઓને જીત માટે અપીલ



ગાંધીનગર, તા.૨૪

લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા ભાજપ દ્વારા શહેરી વિસ્તારના સે-૨૯ અને ૩૦માં ખાતે પણ કાર્યકર્તાઓ પ્રચાર ઝુંબેશમાં જોડાયા હતા.

ગાંધીનગર લોકસભાની બેઠક પર લાલકૃષ્ણ અડવાણીને શહેરી આજે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રચાર ઝુંબેશ દરમિયાન અડવાણીજીના પુત્ર જયંત અડવાણીએ શોપિંગ વિસ્તારના વેપારીઓને મત આપવા અપીલ કરી હતી. આ ઉપરાંત રાત્રિના જીઈબી વિસ્તારમાંથી મોટી લીડ મળે તે માટે ભાજપ દ્વારા સેકટરોમાં પ્રચાર ઝુંબેશ આખરી તબક્કામાં છે. શહેરમાં ડોર ટુ ડોર પ્રચારના રૂટ મુજબ આજે સે-૨૯ અને ૩૦માં ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

# કાળઝાળ ગરમીમાં રાજ્યમાં ચૂંટણી પ્રચારનો તાપ પણ સાતમા આસમાને

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે બીજી બાજુ ચૂંટણી પ્રચારની ગરમીએ પણ જોર પકડ્યું છે. ગુજરાતમાં ભાજપ કોંગ્રેસના રાજકીય નેતાઓ ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે.

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટેની ચૂંટણી આગામી ૩૦મી એપ્રીલના રોજ યોજાનારી છે. ત્યારે હવે ચૂંટણી પ્રચારના માત્ર ચાર દિવસ જ બાકી રહ્યા હોઈ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચારને વેગીલો બનાવ્યો છે. છેલ્લી ઘડીના પ્રયાસરૂપે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ રાષ્ટ્રીય નેતાઓને ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતાર્યા છે.

આજે ગુજરાતમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનીયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ચૂંટણી સભાઓને સંબોધી હતી. તો બીજી બાજુ ભાજપા અધ્યક્ષ રાજનાથસિંહ અને પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરી પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવ્યા છે.

ભાજપા પ્રમુખ રાજનાથસિંહ આજે ખેડા લોકસભા મતવિસ્તારના કઠલાલ વિસ્તારમાં ચૂંટણી સભાને સંબોધીને કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. અને ભાજપને વિજયી બનાવવા માટે અપીલ કરી હતી.

ગુજરાતમાં એક તરફ કાળઝાળ ગરમી જોર પકડી રહી છે ત્યારે બીજી બાજુ ચૂંટણી પ્રચાર પણ અંતિમ ચરણમાં હોઈ ચૂંટણી પ્રચારની ગરમીએ પણ જોર પકડ્યું છે. ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ભર ગરમીમાં દિવસમાં ત્રણ થી ચાર સભાઓ સંબોધી રહ્યા છે.

આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ વારાણસી બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યા બાદ આજે સાંજે બરોડા લોકસભા બેઠક પર ચૂંટણી સભાને સંબોધી હતી. નરેન્દ્ર મોદી આવતીકાલે પણ ગુજરાતમાં ચાર જેટલી ચૂંટણી સભાઓને સંબોધનાર છે.

# શહેરી વિસ્તારના ગામોમાં ભાજપની ગ્રામજનો સાથે બેઠક

## ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ અને પાલજમાં પ્રચાર બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ભાજપ દ્વારા શહેરી વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ પૂર્ણ થતાં હવે શહેરી વિસ્તારના ચાર ગામોમાં બેઠકોનો દૌર હાથ ધરાશે. ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ અને પાલજમાં પક્ષ દ્વારા ગ્રામજનો સાથે બેઠક કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણીના આડે હવે અઠવાડીયુ પણ બાકી નથી ત્યારે રાજકીય પક્ષો મતદારોને પોતાની તરફ કરવા માટે પ્રચારનો નવતર અભિગમ અપનાવી રહ્યા છે. ભાજપ દ્વારા શહેરી વિસ્તારને અનુલક્ષી સેક્ટરોમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ ઉપરાંત મહીલા મોરચા દ્વારા મહેંદીની કમળ નિખારવા પ્રચારનો આકર્ષક કીમિયો અજમાવાયો છે. જ્યારે શહેરી વિસ્તારની સાથે સમાવિષ્ટ ગામડાઓમાં પણ હવે મતદારો વિશેષ જાગૃત થઈ ગયા છે. મતદાનની તારીખ નજીક આવતા મતદારોનો ઉત્સાહ બેવડાઈ રહ્યો છે. બીજીતરફ ભાજપ દ્વારા શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ પ્રચાર કામગીરી હાથ ધરવા ગૃપ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલથી શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ અને પાલજ ગામમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ ગ્રામજનો સાથે બેઠકનો દૌર આરંભશે.


પ્રચારનો અતિરેક - આજકાલ મોદી લહેર જનજીવનમાં પ્રચારના અતિરેક તરફ લઈ જઈ રહી છે... ખેસ, ટોપી, મ્હોરા આ બધુ વર્ષોથી પ્રચારમાં ઉપયોગ કરાય છે. પરંતુ છેલ્લા દાયકામાં મહિલાઓ પોતાના અંગ પર પેઈન્ટ કરાવીને લાગણી અભિવ્યક્ત કરી રહ્યા છે. 'વૉટ ફોર નરેન્દ્ર મોદી'ના સ્લોગન સાથે તેમનો ફોટો પોતાના અંગ ઉપર ચીતરાવવાની હોંશ ફેશન બનતી જાય છે... આને લાગણીનો અતિરેક કહેવો કે પ્રચારનો અતિરેક કહેવો એ આજે પણ પ્રશ્નાર્થ જ છે...

# ભાજપ યુવા મોરચાની ૨૭મીએ બાઈક રેલી

## સે. ૧૧ ભાજપ કાર્યાલયથી ઈન્ફોસિટી થઈ સેક્ટરોમાં ફરશે : ૫૦૦ કાર્યકર્તાઓ જોડાશે

ગાંધીનગર, તા. ૨૪

ચૈત્ર આકરો ચઢ્યો છે ત્યારે આકરી ગરમીના દિવસોમાં સેક્ટરોમાં છવાયેલા સૂનકાર વચ્ચે રાજકીય પક્ષો પ્રચાર ઝૂંબેશમાં વ્યસ્ત છે. પ્રચાર ઝૂંબેશ માટે પણ હવે આખરી અને ગોલ્ડન ટાઈમ હોવાથી ડોર ટુ ડોર પ્રચારના અંતે હવે રેલી અને રોડ શૉ માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ભાજપ દ્વારા આગામી તા. ૨૭ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે શહેરમાં બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં ગરમીના આકરા મિજાજ વચ્ચે ચૂંટણીલક્ષી ગરમાવો જામ્યો છે. વેકેશનના સમયગાળામાં ચૂંટણી અને ગરમીનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન છે. અલબત્ત ગરમીના લીધે સેક્ટરોની પ્રચાર ઝૂંબેશમાં પણ કોઈ વિશેષ ઉત્સાહ જોવા મળતો નથી ત્યારે રાજકીય પક્ષો પણ પ્રચાર રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો હોવાનો સંતોષ માની હવે ટુંકા દિવસોમાં રેલી અને રોડ શૉ ના માળખાથી ચૂંટણી પ્રચારમાં ગરમાવો લાવવાની મથામણ કરવાના આયોજનમાં વ્યસ્ત છે. ભાજપ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ અને બેઠકોના દૌર બાદ આગામી તા. ૨૭ એપ્રિલના રોજ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં સે. ૧૧ સ્થિત ભાજપ કાર્યાલય ખાતેથી યુવા મોરચા દ્વારા વિશાળ બાઈકરેલી યોજવામાં આવશે. જેમાં ૫૦૦ જેટલા કર્મચારીઓ જોડાશે. આ બાઈકરેલી સે. ૧૧ માંથી ઈન્ફોસિટી પહોંચી આગળ અન્ય સેક્ટરોના રૂટમાં ફરશે.

# ભાટ પાસે રસ્તો ઓળંગતા ટ્રકની અડફેટે વૃદ્ધનું મૃત્યુ

## દૂધ લઇને ઘરે જઇ રહ્યા હતા ત્યારે બનેલો બનાવ : ટ્રક મૂકીને આરોપી ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામના બસ સ્ટેન્ડ સામે ૬૯ વર્ષીય વૃદ્ધ દૂધ લઈને ઘર તરફ જવા રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે ગાંધીનગર થી અમદાવાદ તરફ ધસમસતી આવતી ટ્રકે વૃદ્ધ ને અડફેટે લઈ લેતા ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ લઈ જવાયા હતા.હોસ્પિટલમાં અડધા કલાક માં જ તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું.ટ્રક મૂકી ને આરોપી ચાલક ફરાર થઇ ગયો હતો.અડાલજ પોલીસે મૃતક વૃદ્ધના જમાઈ ની ફરિયાદને આધારે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

ભાટ ગામમાં સ્થિત નીલકંઠ રેસીડેન્સી ખાતે રહેતા ૬૯ વર્ષીય વૃદ્ધ કિશોરભાઈ મુરલીધર નાગપાલ આજે બપોરના બારેક વાગ્યાના અરસામાં ઘરે થી દૂધ લેવા નીકળ્યા હતા.તેમની સાથે પુત્રવધુ જયોતિબેન પણ હતા.ડેરી માંથી દૂધ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તો ઓળંગતી વખતે કિશોરભાઈને ગાંધીનગર થી અમદાવાદ તરફ બેફામ ગતિએ જઈ રહેલી સરકારી અનાજ ભરેલી ટ્રકે ભાટ બસ સ્ટેન્ડ સામે જ અડફેટે લઈ લીધા હતા.ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક એપોલો હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજયું હતું.તો બીજી તરફ અકસ્માત બાદ ટ્રક નં.જી.જે.૧ યુ.યુ.૮૬૧૪ સ્થળ પર જ મૂકી ને આરોપી ડ્રાયવર ભાગી ગયો હતો.અડલજ પોલીસ મથક ના પી.એસ.આઈ એચ.સી.રાઠવા એ મૃતકના જમાઈ કૈલાશભાઈ વાસવાની ની ફરિયાદ ને આધારે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગર મે. એડી. જ્યુડી. મેજી. ફ.ક. શ્રી ડબલ્યુ. આર. મલીક સાહેબની કોર્ટમાં, મુ. ગાંધીનગર

**અરજદારના વ. શ્રી લલીતા બી. પવાર**

ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૪૯/૨૦૧૪

**અરજદાર :** ભરતભાઈ મોતીભાઈ પટેલ
રહેવાસી : ૧૬૪૪/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**વિષય : સી.આર.પી.સી.ની કલમ-૪૫૧ મુજબ**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, અરજદારે મુદામાલ એપલ કંપનીનો આઈફોન મોડલ બ્લેક કલર જેના ઈ.એમ.આઈ. નં. ૦૧૨૭૪૪૦૦૦૬૨૧૧૯ છે જે પરત મેળવવા હુકમ થવા સારૂ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આથી કોઈપણ વ્યક્તિને આ મોબાઈલ ફોન અરજદારને આપવા સામે વાંધો હોય તો તેમણે જરૂરી પુરાવા બિલ સાથે જાતે અથવા તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **તા. ૯/૫/૨૦૧૪**ના રોજ **સવારના ૧૧-૦૦** વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલ વકીલશ્રી મારફત હાજર થઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજ તારીખ : ૨૪મી, માહે : એપ્રિલ, સને : ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| **(એ.એમ.રાઠોડ)** | **(વી. એ. પારેખ)** | | **(ડી.પી. પરમાર)** |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | ડેપ્યુટી રજીસ્ટ્રાર ચીફ જ્યુડી. મેજી કોર્ટ, ગાંધીનગર |

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com